## દિલ્હી ગેંગ રેપ પ્રકરણે પાટનગરમાં રેલી સ્વરૂપે શ્રધ્ધાંજલી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૦

ગત તા. ૧૬મી ડિસેમ્બરે રાજધાની દિલ્હીમાં ઘટેલી સામુહિક બળાત્કારની ઘટના બાદ મૃત્યુ પામનાર યુવતીને શ્રધ્ધાંજલિ આપવા અને આરોપીઓને સખત સજા આપવાની માંગ સાથે ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા આજે સાંજે ૬.૩૦ કલાકે પાટનગરના પ્રવેશદ્વાર ઘ-૦ સર્કલથી ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધી મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં વિદ્યાર્થીઓ હાથ પર કાળી પટ્ટી બાંધી હાથમાં મીણબત્તી લઈ મૃતક છાત્રાને શ્રધ્ધાંજલિ આપશે તો નગરના અન્ય વિદ્યાર્થીઓ અને નગરજનોને જોડાવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

### દિલ્હી ગેંગરેપની પીડિતાના મૃત્યુના પગલે

# ગાંધીનગરમાં નવા વર્ષની ઉજવણી જામશે નહી

ગાંધીનગર, તા.૩૦

દિલ્હી ગેંગરેપની ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે જેમાંથી ગાંધીનગર પણ બાકાત નથી વસાહતીઓએ સ્વેચ્છાએ નવા વર્ષની પાટીમાં નહીં જોડાવવાનો નિર્ધાર કર્યો છે અને પોતાના કાર્યક્રમો રદ કર્યા છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગરમાં નવા વર્ષની ઉજવણી ખુબ ધામધુમથી થાય છે. ખાસ કરીને સરખેજ-ગાંધીનગર હાઈવે પરની હોટલોમાં ડાન્સ પાર્ટીઓની ધુમ મચે છે પરંતુ આ વર્ષે ગેંગરેપની ઘટનાની પીડિતાના મૃત્યુના પગલે યુવાનોમાં નવા વર્ષની ઉજવણીનો ઉત્સાહ જોવા મળતો નથી. માતા-પિતા પણ પોતાના બાળકોને આવી પાર્ટીઝથી દુર રાખવા ઈચ્છે છે. ઘણા સ્થળોએ પાર્ટીઓ રદ કરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષાને ધ્યાને લઈ પોલીસ પણ આ વર્ષે વધુ કડક વલણ અપનાવવાના મુડમાં હોવાથી પાર્ટીના આયોજકો પાર્ટી રદ કરવાનું જ મુનાસિબ માની રહ્યા છે. યુવાનોએ નવા વર્ષની ઉજવણીની પાર્ટીની ટીકિટો ખરીદવામાં જરા પણ ઉત્સાહ દાખવ્યો નથી. આ વર્ષે નવા વર્ષની પાર્ટીમાં નહીં જોડાવવાની અપીલ ફેસબુક, ટવીટર મારફતે થઈ રહી છે જેમાં ગાંધીનગરાઓ જોડાયા છે.

નવા વર્ષની ઉજવણી માટે બહારગામ જવાના કાર્યક્રમો રદ થઈ રહ્યા છે. મોલ અને બજારોમાં ખરીદીનો ઉત્સાહ જોવા મળતો નથી. ક્રિસમસ અને ન્યુયર નિમિત્તે અનેક જાતની ઓફરો હોવા છતાં મોલ ખાલી લાગે છે. યુવાનો પાર્ટીના મુડમાં જ નથી.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા ગરમ કપડાં અને ધાબળાનું વિતરણ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના મંત્રી મહેન્દ્ર શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શિયાળાની શરૂઆત થતા જ કાઉન્સિલના સભ્યો દ્વારા રાધનપુર, હારીજ, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ગરીબ, જરુરીયાતમંદ લોકોને ગરમ કપડાંઓ અને ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા રાધનપુર, હારીજ અને મહેસાણા તાલુકાઓના વાદી વિસ્તાર, આદિવાસી મજૂર અને રાવળ પરિવારોના ઝૂંપડાઓમાં ૧૬૦ બ્લેન્કેટસ ઉપરાંત સાડીઓ તેમજ અન્ય વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૪૦ ધાબળાઓ પૈકી ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃદ્ધાશ્રમમાં તેમજ ગાંધીનગરમાં ખુલ્લામાં વસતા શ્રમિકોને સેકટર-૨૭, સેકટર-૨૧, સેકટર-૭, સેકટર-૬ અને સેકટર-૨માં વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને તેની આજુબાજુના મજૂર વિસ્તારમાં તેમજ ૩૪૦ આંગણવાડીના નવા દાખલ થયેલા બાળકોને સ્વેટર, સ્કાર્ફ, ગરમ ટોપી વગેરેનું પણ વિતરણ કર્યું હતું તથા અમદાવાદ ખાતે પ્રહલાદનગર વિસ્તારમાં સિકયોરીટીમાં ફરજ બજાવતા જવાનોને તેમજ તેમના પરિવારોને, ભાઈ-બહેનોને ટોપી અને સ્કાર્ફની વહેંચણી કરી હતી. તા.૫મી ડિસેમ્બરથી ૨૫મી ડિસેમ્બર દરમિયાન યોજાયેલા આ શ્રમજીવી લોકો માટેના ધાબળા-ગરમ કપડાં વિતરણ કાર્યક્રમમાં ૯૦,૦૦૦ જેટલો અંદાજીત ખર્ચ થયો હોવાની મંત્રી દ્વારા રજુઆત થઈ છે.




વાઈબ્રન્ટ સમિટના પગલે શહેર આખું નવા સાજ રજી રહ્યું છે. રવિવારે સેક્ટર-૩૦ના સર્કલનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

## ડી.વાય.એસ.પી. યોગી રામદાસ રાવળનો વિદાય સમારંભ

ગાંધીનગર, તા.૩૦

નાયબ પોલીસ અધિક્ષક તરીકે ૩૫ વર્ષ સુધી પ્રામાણિક અને નિષ્ઠાથી ફરજ બજાવનાર તથા જેલોમાં અને ભારતના વિવિધ વિસ્તારોમાં ફરીને ૨૦૨ જેટલી નિઃશુલ્ક કથા કરનાર યોગી રામદાસ રાવળનો આજે તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ નિવૃત્તિ વિદાય સમારંભ યોજાશે.



ડી.વાય.એસ.પી. આર.બી. રાવળનો નિવૃત્તિ વિદાય સમારંભ પોલીસ કમ્પ્યૂટર કમ સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો, પોલીસ ભવન, ગાંધીનગર ખાતે બપોરે ૨ કલાકે યોજાશે. આ નિવૃત્તિ વિદાય સમારંભમાં આઈ.જી.પી. મનોજ અગ્રવાલ ખાસ ઉપસ્થિત રહેશે. પોલીસ અધિકારી અને કથાકાર તરીકે સેવા આપનાર આ.બી. રાવળને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ગાંધીનગર ખાતે કથાકાર ક્ષેત્રે ગૌરવ એવોર્ડ ૨૦૧૨ પણ એનાયત થયો છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સે. ૨ની બેઠક યોજાઈ

### ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં બે દિવસના પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેક્ટર-૨માં નિવાસ કરતા પેન્શનર સભ્યોની ડિસેમ્બર માસની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. બેઠકમાં ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનો સન્માન સમારંભ યોજવા, પેન્શનર પ્રદાન મુખપૃષ્ઠના લવાજમ સ્વીકાર અંગે તથા ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં પ્રવાસનું આયોજન કરવા અંગેની સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

શિયાળાની મોસમમાં પેન્શનર્સ સભ્યોના પ્રવાસનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ બેઠકમાં ડી પી સંઘાણીએ પ્રવાસ અંગેની વિગત આપી હતી. જેમાંથી સૌના સહિયારા સહકાર સાથે બે દિવસ અને એક રાત્રીના ભાવનગર નજીકના ખોડિયાર મંદિર, ગોપનાથ, સારંગપુર તેમજ બગદાણા, ગણેશપુરા, બુટ ભવાની વગેરે સ્થળોનો પ્રવાસ જવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રવાસમાં સેક્ટર-૨ તથા અન્ય સેક્ટરના સભ્યો સામેલ થવા ઈચ્છતા હોય તો તેમણે ૧૫ જાન્યુઆરી સુધીમાં ડી પી સંઘાણી, ફોન નં. ૨૩૨૩૧૫૧૮ અથવા મો.નં. ૮૧૪૦૮૫૪૦૦૦ અથવા અમીધર જરદોશને ફોન નં. ૮૫૩૦૮૫૫૩૦૧નો સંપર્ક સાધવા જણાવ્યું છે. પ્રવાસની ફી ૪૫૦ રૂા. રખાઈ છે તથા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પ્રવાસ યોજવાનું નક્કી થયું છે.

સંસ્થાના પ્રવર મંત્રી નિરંજન ઓઝાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સેક્ટર-૨ પેન્શનર્સ સમાજની બેઠકમાં ડી પી સંઘાણી, અમીધર જરદોશ, જિતેન્દ્ર પુરોહિત અને રમણલાલ પંચાલ તેમજ મોટી સંખ્યામાં પેન્શનર્સ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી અને અધ્યક્ષ સ્થાનેથી ગત બેઠકનું વાચન તથા સમીક્ષા બાદ કાર્યવાહીમાં પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા વિચારણામાં ખાસ તો ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ બપોરે ૩ કલાકે કડી કેમ્પસના ખીમજી વસરામ એન્ડ સન્સ હોલ ખાતે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનો સન્માન કાર્યક્રમ અમૃત મહોત્સવ યોજાશે, જેમાં સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે. આ સાથે પેન્શનર પ્રદાન મુખપૃષ્ઠનું વર્ષ-૩૧ માર્ચ-૨૦૧૩ના રોજ પુરું થાય છે. નવા વર્ષના એપ્રિલ, ૨૦૧૩થી તા. ૩૧ માર્ચ, ૨૦૧૪ સુધીનું લવાજમ રૂા. ૫૦ સ્વાકારવાનું શરૂ થઈ ગયું છે. સભ્યોને તેમના સેકટર પ્રતિનિધિનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## હજુ સુધી બ્લેક ફિલ્મ પટ્ટીવાળી કાર ફેરવતા ચાલકો પર પોલીસની ધોંસ





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩૦

થર્ટી ફર્સ્ટના દિવસે અને વાઈબ્રન્ટ સમિટના મેગા કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ સજ્જ થઈ ગઈ છે ત્યારે રેન્જ આઈજીપીની સૂચનાથી ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો પર ગાંધીનગર એલસીબી તથા સ્થાનિક પોલીસની ટીમ ગોઠવી દેવામાં આવી છે અને બ્લેક ફિલ્મવાળી કારમાંથી ફિલ્મ પટ્ટી કઢાવવા તથા દંડ ફટકારવાની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

થર્ટી ફર્સ્ટની પાર્ટીમાં મગ્ન બની ગયા બાદ નશાની હાલતમાં હોય કે ન હોય પરંતુ યુવાનો તેની સાથે આવેલી યુવતિ કે સ્ત્રી મિત્રને એકાંતમાં લઈ જવા ખૂણો શોધી જ લેતા હોય છે. જોકે તે દિવસે કોમ્બીંગ નાઈટ હોવાને પગલે પોલીસના ડરથી પણ યુગલો ગાડીમાં પ્રેમાલાપ શરૂ કરી દેતા હોય છે. બ્લેક ફિલ્મ પટ્ટીવાળી ગાડીમાં પણ આ પ્રકારનું કોઈ કૃત્ય બની ન જાય તે માટે અને તે ઉપરાંત ગાંધીનગરમાં યોજનાર વાઈબ્રન્ટ સમીટ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી બ્લેક ફિલ્મ પટ્ટીવાળી કાર પર પોલીસે ધોંસ બોલાવી છે. રેન્જ આઈજીની સૂચનાથી પાટનગરના તમામ પ્રવેશદ્વારો પર આજથી પોલીસનું ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમે સાથે મળીને ચેકીંગ કરીને કાર ચાલકોને દંડ ફટકાર્યા હતા અને બ્લેક ફિલ્મ પટ્ટીઓ કઢાવી હતી.

## દિલ્હી ગેંગ રેપ સંદર્ભે દિલ્હીના મુખ્યમંત્રીએ રાજીનામું આપવું જોઈએ : ગુજરાત દલિત લેખિકા મંચ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત દલિત લેખિકા મંચના કન્વીનર તથા માજી ધારાસભ્ય ચંદ્રાબેન શ્રીમાળીના અધ્યક્ષસ્થાને તાજેતરમાં તાકીદની મળેલી બેઠકમાં દિલ્હી ગેંગ રેપની પિડીતાના અવસાન બદલ દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષિતે રાજીનામું આપવું જોઈએ અને આરોપીઓને કડકમાં કડક સજા થવી જોઈએ એવો મહિલાઓએ આક્રોશ વ્યકત કર્યો હતો.

દિલ્હી ગેંગરેપની પીડિતાના અવસાન બદલ દિલ્હીનાં મુખ્યમંત્રી શિલા દિક્ષિતનાં રાજીનામાની માંગણી કરી છે. તાજેતરમાં બનેલી ગેંગ રેપની ઘટનાથી સમગ્ર મહિલાઓમાં સ્વયંભૂ આક્રોશની લાગણી ઉઠી છે. દલિત લેખિકા મંચની એક તાકીદની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં મહિલાઓની સામે થતા અનામુષી બળાત્કાર, અત્યાચારની સામે મૂક પ્રેક્ષક બની રહેલા શિલા દિક્ષિતે રાજીનામું આપવું જોઈએ એવી માંગ ઉઠી છે. કડકમાં કડક કાયદાની તાતી જરૂરીયાત છે. ગુજરાત દલિત લેખિકા મંચની બેઠકમાં ભૂમિબેન શ્રીમાળી, રીંકુબેન શ્રીમાળી, મનાલીબેન, લક્ષ્મીબેન, મંજુલાબેન, કૈલાશબેન, રંજનબેન, લીલાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતનો સૂર પૂરાવ્યો હતો.

## પ્રાંતિજની ૭ વર્ષની બાળકીનું બ્રેઈન હેમરેજથી કરૂણ મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્થિત લાલ દરવાજા વિસ્તારમાં સોની પરિવારની સાત વર્ષની માસૂમ બાળકીનું અચાનક બ્રેઈન હેમરેજના કારણે મૃત્યુ થતાં પરિવારમાં શોકનું મોજું ફરિ વળ્યું હતું. ગ્રામજનોએ સોની પરિવારમાં આ અચાનક બનેલા ત્રીજા અપમૃત્યુના સમાચારથી ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. લાલ દરવાજામાં રહેતા સોની પરિવારની દીકરીવાળા ધો. ૨માં અભ્યાસ કરતી હતી, જેનું તાજેતરમાં બ્રેઈન હેમરેજથી મૃત્યુ થયું હતું. પરિવારમાં માતા અને દાદી જ છે. સાત વર્ષ પહેલાં છોકરીના પિતા પરેશકુમાર સોની અચાનક સાઈકલ ઉપરથી એટેક આવી પડી જતાં મૃત્યુ પામ્યા હતા. તેમનો દીકરો કમલેશ પણ ૧૮ વર્ષની વયે હાર્ટ એટેક આવતાં મૃત્યુ પામ્યો હતો અને આ વર્ષે દીકરીનું મૃત્યુ થતાં એક જ પરિવારમાં હવે માતા અને દાદી જ બચ્યા છે. જેમના ઉપર જાણે આભ ફાટી ગયું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

### તાપમાન

મહત્તમ : ૨૭.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્કીન-૧ :
દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)

: સ્કીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૩ :
દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫

: સ્કીન-૪ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
જેક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્કીન-૨ :
દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્કીન-૩ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્કીન-૪ :
દબંગ-૨ : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સૂર્યા, વાવોલ**

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :
દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

**ચિરાગ, કલોલ**

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : લાભ પ્રાપ્તિનો યગો. આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહી. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : સંતોષપ્રદ વાતારવરણ રહેશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ., ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : તમારી વ્યવહાર કુશશતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : મનોરંજનમાં સમય પસાર થાય. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : પુરુષાર્થનું પરિણામ પ્રાપ્ત થશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

### ચિરવિદાય

- સ્વ. વાડીભાઈ વિરભણભાઈ દંતાણી (ઉ.વ. ૯૦) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ખમાબા નટુભા જાડેજા (ઉ.વ. ૪૭) પ્લોટ ૮૭૪/૧, સેકટર-૭/સી, ગાંધીનગર.